તમારી બેસ્ટ ફોટોગ્રાફીના શ્રેષ્ઠ નમુના 'ફોટો ઓફ ધ ડે' વિભાગમાં ઈમેઈલ કરી મોકલી શકો છો. | **Photo of the Day** | gsphotooftheday@gmail.com

નોંધ-ફોટોગ્રાફ હાઈ રિઝોલ્યુશનના હોવા સાથે સ્થળનું નામ લખવું જરુરી છે.



તસવીર : પૂર્વીશ શાહ



તસવીર : વીરેન પંચાલ

### વુમન એન્ટરપ્રિન્યોરને બુસ્ટ કરવા કનેક્ટ ગ્રૂપ દ્વારા ટૉકનું આયોજન

# અત્યારે કોમ્પિટિશન નહીં એકમેકના સપોર્ટથી બિઝનેસ આગળ વધારવો

વુમન એન્ટરપ્રિન્યોર પોતાના બિઝનેસને ગ્રો કરી શકે એ હેતુથી કનેક્ટ વુમન ગ્રૂપ દ્વારા અમદાવાદ મેનેજમેન્ટ એસોસિએશન ખાતે ટૉકનું આયોજન કરવામાં આવ્યું હતુ, જેમાં કનેક્ટ ગ્રૂપના ફાઉન્ડર નાયિકા અગ્રવાલે મહિલાઓના કોન્ફિડન્ટને બુસ્ટ કરવાનો પ્રયત્ન કર્યો હતો. તેમણે કહ્યું, 'આપણે એકબીજા સાથે કોમ્પિટિશન નથી કરવાની પરંતુ એકમેકને સપોર્ટ આપીને બિઝનેસને આગળ વધારવાનો છે.'

ભારતી વર્માએ બિઝનેસમાં વાસ્તુ શાસ્ત્ર કંઇ રીતે ઉપયોગી બની શકે એની ટિપ્સ આપી હતી. જ્યારે કેના વ્યાસે બ્રાન્ડ કેવી રીતે ઊભી કરી શકાય? એનું ગ્રાફિક ડિઝાઈનિંગ કેવું હોવું જોઇએ? વગેરે જેવી સમજ આપી હતી. આ પ્રોગ્રામમાં ૭૫થી ૮૦ મહિલાઓએ ભાગ લીધો હતો.



### વાસ્તુ દ્વારા અટકેલા બિઝનેસનો વિકાસ કરી શકાય છે

'નોર્થ દિશામાં ગ્રીન કલરનું એટલે કે ઘાસ, છોડ હોય એવું ચિત્ર લગાવવું જોઇએ. એનાથી બિઝનેસ ગ્રો કરે છે. સાઉથ વેસ્ટમાં ગ્રીન કલરનો ઉપયોગ કરવાથી કસ્ટમર સાથેના સંબંધો બગડે છે. સાઉથ ઈસ્ટમાં પાણી ન રાખવું જોઇએ. આ દિશામાં બ્લૂ કે બ્લેક કલરની કોઇ વસ્તુ પણ ન રાખવી જોઇએ. એનાથી પૈસાની આવન જાવન અટકી જાય છે.' - **ભારતી વર્મા**

### લોગો યુનિક અને સિમ્પલ હોવો જોઇએ

'બિઝનેસ ભલે તમે કોઇપણ કરો પરંતુ એનો લોગો યુનિક અને સિમ્પલ હોવો જોઇએ. એમાં બે-ત્રણથી વધારે કલરનો ઉપયોગ ન કરવો જોઇએ. જે કલરનો ઉપયોગ લોગોમાં કરો છો એ જ કલર માર્કેટિંગ કરવામાં વાપવા જોઇએ.' - **કેના વ્યાસ**

### શાલીન વિદ્યાલયમાં ઓનલાઈન ક્વિઝ કોમ્પિટિશન



અમદાવાદ શહેરના ૬૧૦માં જન્મદિન નિમિત્તે નરોડા વિસ્તારમાં આવેલી શાલીન વિદ્યાલયના ધોરણ ૮ અને ૯ના વિદ્યાર્થીઓ માટે તમારા શહેરના જાણો નામથી ક્વિઝ કોમ્પિટિશનું આયોજન કરાયું હતું, જેમાં કર્ણાવતી, ટીમ વિજેતા થઇ હતી સાથે વિદ્યાર્થીઓને ઇનામ આપીને પ્રોત્સાહન વધાર્યું હતું.

### આઇ.ડી.પી. સ્કૂલમાં ઓનલાઇન 'નેશનલ સાયન્સ ડે'નું સેલિબ્રેશન



ઘાટલોડિયામાં આવેલી આઇ.ડી.પી. સ્કૂલમાં ગુજરાતી માધ્યમના વિદ્યાર્થીઓએ ઓનલાઇન 'નેશનલ સાયન્સ ડે' સેલિબ્રેશનનું આયોજન કરાયું હતું, જેમાં વિદ્યાર્થીઓએ પ્રદૂષણ, હવા, ઉર્જા અને પાણી સહિતના અગત્યના વિવિધ પ્રોજેક્ટ તૈયાર કરીને પ્રેઝન્ટ કર્યા હતા.

### સ્ત્રીત્વ દ્વારા ૧૦૦થી વધુ દિવ્યાંગો સાથે વર્લ્ડ એનજીઓની ઉજવણી કરાઇ



સ્ત્રીત્વ વુમન્સ એન્ટરપ્રિન્યોર ક્લબ દ્વારા વર્લ્ડ એનજીઓ ડે પર શેરિંગ જોય એન્ડ હેપ્પીનેસનો કાર્યક્રમ યોજાયો, જેમાં સ્ત્રીત્વ ક્લબના મેમ્બર્સ દ્વારા નીલકંઠ મહાદેવ રાણીપ ખાતે ૧૦૦થી વધુ દિવ્યાંગ બાળકો, પુરુષો અને મહિલાઓને કપડા અને જરૂરિયાતની વસ્તુઓ આપવામાં આવી અને સાથે ભોજન કરી વર્લ્ડ એનજીઓ ડેની ઉજવણી કરવામાં આવી.

### ફિનોલેક્સ ઇન્ડસ્ટ્રીઝ લિ.ના સ્ત્રી સશક્તિકરણ માટે પ્રશંસનીય પગલું

ફિનોલેક્સ ઇન્ડસ્ટ્રીઝ લિમિટેડ એ તેના સીએસઆર પાર્ટનર મુકુલ માધવ ફાઉન્ડેશન દ્વારા મહિલા સશક્તિકરણ માટેના પ્રોજેક્ટમાં કરેલા રોકાણની ઝાંખી, એમએમએફ છેલ્લાં બે દાયકાની સ્વાસ્થ્ય, શિક્ષણ, જળ સંરક્ષણ અને સ્વચ્છતાના ક્ષેત્રે સતત કાર્યરત છે. ઓસ્માનાબાદની ૯૦ ટકા સ્ત્રીઓ એમએમએફ અને એફઆઇએલના સહયોગથી તેમનું ઋણ ચૂકતે કરી શકી છે તથા બાળકોને શિક્ષિત કરી રહી છે. તેમને કૃષિ વિદ્યા કેન્દ્રના સહકારથી ઉચ્ચતમ કૃષિ વિદ્યા, જમીન ચકાસણી અને વેચાણ ટેકનોલોજીથી શિક્ષિત કરવામાં આવી હતી.

### એલ.જે.ના વિદ્યાર્થીઓ દ્વારા નેશનલ સાયન્સ ડેની ઉજવણી

એલ.જે. યુનિવર્સિટીના માસ્ટર ઓફ સાયન્સના વિદ્યાર્થીઓ દ્વારા સાયન્સના વિદ્યાર્થીઓ દ્વારા નેશનલ સાયન્સ ડે નિમિત્તે ખાસ વેબિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. સી.વી. રામનની યાદમાં ઉજવવામાં આવતા નેશનલ સાયન્સ ડેનું મહત્વ વિદ્યાર્થીઓ સમજે તે માટે આયોજન કરાયું હતું. વેબિનારની અંદર સી.વી રામનને કરેલા કાર્યો, એમની સિદ્ધિઓ તેમજ તેમણે કરેલા ખાસ પ્રયોગો વિશે માહિતી આપવામાં આવી આ સાથે સી.વી રામનને રામન ઈફેક્ટ માટે નોબલ પારિતોષિક એનાયત કરવામાં આવ્યું હતું એ રામન ઈફેક્ટ વિશે માહિતી અપાઇ.














| પેરામીટર | અન્ય પ્રચલીત બ્રાન્ડ 1.5 T 3 STAR AC (FIX SPEED) | ONIDA SR183MGN SR183SLK / SR183ASP | ONIDA AC ના ફાયદા |
|---|---|---|---|
| કુલીગ કેપેસીટી | 5000 to 5200 watts. | 5300-5500 watts. | અન્ય બધી જ બ્રાન્ડ કરતા વધારે ઠંડક આપે |
| ISEER | ઓછું | 3.67 | વધારે વીજળી બચત કરે |
| એર ફ્લો (CFM) | 450 to 550 CFM | 736 CFM | વધારે લાંબા અંતર સુધી ઠંડક પહોંચાડે |
| Indoor Unit ની લંબાઈ | ઓછું | વધારે | વધારે પહોળાઈ વાળા એરિયામાં ઠંડક પહોંચાડે |
| Indoor Unit Noise Level | Above 40 db | 36 DB | અવાજ ઓછો કરે |
| Warranty | પસંદગીના મોડલ ઉપર | 1 Year+4 Year PCB | રીપેરીંગ ખર્ચ બચાવે |

PCB & COMPRESSOR (FIXED SPEED) 5 YEARS WARRANTY

ALL FINANCE AVAILABLE
BAJAJ FINSERV | IDFC FIRST Bank | HDFC BANK | HDB FINANCIAL SERVICES | CAPITAL FIRST

વધુ માહિતી માટે નજીકના ઓથોરાઇઝ ડિલરને સંપર્ક કરો.